મહે. માણાવદરના જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુકામ : માણાવદર

ફોજદારી કેસ નંબર : ૯૧૫ /૨૦૨૨

**<u>આંક–૧ લગત હુકમ</u>**

**<u>ગુન્હો :–આઈપીસી ક.૨૮૩ મુજબ</u>**

**– :: ઠરાવ :: –**

(૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંક હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટમા જણાવેલ તારીખે અને સ્થળે જાહેરમા પોતાના કબજાનુ વાહન આવતા જતા રાહદારીનુ અડચણ રુપ થાય તે રીતે પાર્ક કરી આઈપીસી કલમ–૨૮૩ મુજબનો ગુન્હો કર્યાનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આરોપી આજરોજ અદાલતમાં આરોપી પ્રથમ તબકકે ગુન્હો કબુલાત પુરશીર્ષ રજુ કરી ગુન્હો કબુલ કરેલ છે. આરોપી સ્વૈચ્છાપૂર્વક ગુન્હો કબુલ કરેલ છે. કબુલાત પુરસીસથી જણાવે છે કે તેઓ કાયદાના અજ્ઞાન માણસ હોઈ અજ્ઞાનતાથી ગુન્હો થયેલ છે. જેથી દયા દાખવવા રજુઆત કરેલ છે.

(૩) સદરહું આરોપીને ગુન્હાની ગંભીરતા સમજાવવા છતાં ગુન્હાની કબુલાતને વળગી રહેલ છે. આરોપીએ જાણી બુજીને ગુન્હો કરેલ ન હોય, તેઓને સુધરવાની તક મળી રહે અને તેમણે કરેલ કૃત્યનો અહેસાસ થાય તે હેતુથી ન્યાયના હીતમાં નીચે મુજબ હુકમ કરુ છું.

**– :: હુકમ :: –**

(૧) આ કામના આરોપી કાનજીભાઈ રામજીભાઈ પરમાર, રહે.સીતાણા, તા.માણાવદરને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે ઈ.પી.કો.કલમ–૨૮૩ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી રુા.૨૦૦/– (અંકે રુપીયા બસ્સો પુરા) નો દંડ કરવામાં આવે છે, જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૫ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના ખત તથા જામીનખત રદ કરવામાં આવે છે.

આજરોજ તારીખ–૧૨મી, માહે–નવેમ્બર, સને ૨૦૨૨ નાં રોજ ખુલ્લી અદાલતમાં હુકમ વાંચી સંભળાવી જાહેર કયો.

તા.૧૨/૧૧/૨૦૨૨
સ્થળઃ માણાવદર

(હિતેષ તનસુખભાઈ ધોળકીયા)
જયુડીશયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
માણાવદર(કોડ નં. ૧૨૪૩)